UK Government

# ઇમરજન્સી એલર્ટ સિસ્ટમ હકીકત પત્રક

## આગામી રાષ્ટ્રીય પરીક્ષણ

યુકેની ઇમરજન્સી એલર્ટ સિસ્ટમનું રાષ્ટ્રીય સ્તરે પરીક્ષણ **રવિવાર 7મી સપ્ટેમ્બર 2025 ના રોજ** લગભગ **1500 કલાકે (બપોરે 3:00 વાગ્યે)** કરવામાં આવશે. વધુ માહિતી માટે, gov.uk/alerts ની મુલાકાત લો.

## ઇમરજન્સી એલર્ટ વિશે

ઇમરજન્સી એલર્ટ સિસ્ટમ લોકોને જો ઇમરજન્સીમાં તેમનો જીવ જોખમમાં હોય તો તેમના મોબાઇલ ફોન અને ટેબ્લેટ દ્વારા સંપર્ક કરવામાં સક્ષમ બનાવે છે. આ સિસ્ટમનો ઉપયોગ તમને ગંભીર પૂર જેવી જીવન માટે જોખમરૂપ હોય એવી ઇમરજન્સી વિશે ચેતવણી આપવા માટે કરવામાં આવશે.

ઇમરજન્સી એલર્ટ એ એવા સંદેશા છે જે સુસંગત 4G અને 5G મોબાઇલ ફોન અને ટેબ્લેટ પર મોકલવામાં આવે છે જ્યારે જીવનું જોખમ હોય છે. તેને ફક્ત સરકાર અને ઇમરજન્સી સેવાઓ જ મોકલી શકે છે. તમે ચેતવણી સાચી છે કે નહીં એ gov.uk/alerts પર ચકાસી શકશો. ઇમરજન્સી એલર્ટ માટે કોઈ વ્યક્તિગત માહિતી (જેમ કે તમારો ટેલિફોન નંબર, ઓળખ અથવા સ્થાન) ની જરૂર હોતી નથી. ઇમરજન્સી એલર્ટ એકતરફી હોય છે અને સરકારને કોઈ પ્રતિસાદ આપતા નથી.

ઇમરજન્સી એલર્ટ એ ઇમરજન્સીની સ્થિતિઓ વિશે સરકાર દ્વારા જનતાને જણાવવા માટેની ઘણી રીતોમાંથી એક હશે. તેથી જો તમારી પાસે મોબાઇલ ફોન ન હોય, તો ચિંતા ન કરશો – તમને હજુ પણ મીડિયા અને સ્થાનિક ઇમરજન્સી સેવાઓ દ્વારા માહિતગાર કરવામાં આવશે.

ઇમરજન્સી એલર્ટ અન્ય પ્રકારના સંદેશાઓ, જેમ કે SMS 'ટેક્સ્ટ સંદેશાઓ' કરતાં બહુ અલગ દેખાય છે અને સંભળાય છે. જો તમને ઇમરજન્સી એલર્ટ મળશે તો તમને તેની જાણ થઈ જશે કારણ કે તમને મોટા સાયરન જેવો એક અવાજ સંભળાશે અને તમારો ફોન અલગ વાઇબ્રેશનનો ઉપયોગ કરશે. તમારી સ્ક્રીન પરનો સંદેશ તમને ઇમરજન્સી વિશે અને તમારે શું કરવાની જરૂર છે તેના વિશે જણાવશે. તમારા ફોનની સુવિધાઓના આધારે, ચેતવણી સ્ક્રીન મેગ્નિફિકેશન (મોટી કરવા) સાથે કામ કરશે અને તે અવાજના સેટિંગને અવગણીને પણ તમારા માટે સંદેશ વાંચી શકે છે. ફોનમાંથી બહાર આવતો વિશિષ્ટ અવાજ એ લોકોને પણ સંભળાવો જોઈએ જે સાંભળવાના મશીનનો ઉપયોગ કરે છે.

જો તમને કોઈ એલર્ટ મળે, તો કૃપા કરીને સંદેશ ધ્યાનપૂર્વક વાંચો અને સૂચનાઓનું પાલન કરો. જો તમને બીજું ફરીથી મળે તો કૃપા કરીને તેનો દેખાવ અને અનુભવ યાદ રાખો.

તમે ઇમરજન્સી એલર્ટ બંધ કરી શકો છો, જોકે, અમે એવી ભારપૂર્વક ભલામણ કરીએ છીએ કે તેને ચાલુ રાખો, કારણ કે સિસ્ટમનો હેતુ જ્યારે જીવન જોખમમાં હોય ત્યારે તમને ચેતવણી આપવાનો છે. જો તમે બંધ કરવા માંગતા હોવ તો તમારા સેટિંગ્સમાં 'ઇમર્જન્સી એલર્ટ' શોધો અને ઇમરજન્સી એલર્ટ બંધ કરો.

UK Government

જો આ કામ ન કરે તો કૃપા કરીને તમારા ડિવાઇસના ઉત્પાદકનો સંપર્ક કરો. વધુ સલાહ માટે gov.uk/alerts/opting-out પર જાઓ.

## વાહનચાલકો માટે ચેતવણી

તમારે વાહન ચલાવતી વખતે અથવા મોટરસાઇકલ પર સવારી કરતી વખતે મોબાઇલ ફોન હાથમાં રાખવો **જોઇએ નહીં**. આવું કરવું એ ગેરકાયદેસર છે. જો વાહન ચલાવતી વખતે તમને કોઇ ચેતવણી મળે, તો તમારો ફોન ઉપાડશો નહીં અને સંદેશ વાંચવાનો પ્રયત્ન કરશો નહીં. તમારા વાહન પર સંપૂર્ણ નિયંત્રણ રાખીને સામાન્ય રીતે વાહન ચલાવવાનું ચાલુ રાખો. જો તમને તમારો ફોન જોવાની જરૂર લાગે, તો તમારે પહેલા રસ્તાની બાજુમાં એક સુરક્ષિત અને કાયદેસર જગ્યા શોધીને રોકાવું જોઇએ.